# હાહાકાર : ગાંધીનગરમાં દર ૩ મિનિટે કોરોનાનો એક કેસ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાએ અજગરી ભરડો લીધો છે. શહેરમાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૧૦ ટકાને પાર કરી ગયો છે તો ગ્રામ્ય વિસ્તારમાં આ રેટ ૮ ટકાએ પહોંચ્યો છે.

કોરોનાનું વધી રહેલુ સંક્રમણ લોકો અને તંત્રએ ગાઈડલાઈન્સના પાલનમાં દાખવેલી ઉદાસીનતાનો પુરાવો છે. કોરોનાનું સંક્રમણ જે રીતે વધી રહ્યુ છે તેને લીધે હવે પ્રજાજનો ગભરાટ અને ભયની લાગણી અનુભવી રહ્યા છે.

કોરોનાના આજે શહેર-જિલ્લામાં ૪૫૩ કેસ નોંધાયા છે. ૨૪ કલાકમાં દર કલાકે ૨૦ લોકો સંક્રમિત થયા છે. અર્થાત દર ૩જી મિનિટે કોરોનાનો એક કેસ નોંધાય છે. શહેર-જિલ્લાએ આજે અતિ ભયાવહ રૂપ કોરોનાનું જોયુ છે.

કોરોના ગાઈડલાઈન્સનું પાલન કરવુ એ સૌની સહિયારી જવાબદારી છે. કોરોનાની બીજી લ્હેર કરતાં પણ ઘણો મોટો આંક એક જ દિવસમાં નોંધાયો છે. મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કોરોનાએ જે રીતે અજગરી ભરડો લીધો છે તે જોતાં ઘેર-ઘેર કોરોનાએ દસ્તક દીધી હોય તેવુ ચિત્ર ઉભરી રહ્યું છે.

શહેર-જિલ્લામાં ૧૫૦૦ જેટલા દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્ર કરી રહ્યુ છે અને શહેર-જિલ્લામાં થઈ ૨૫૦ થી વધુ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવ્યું છે.

શહેર-જિલ્લામાં કોરોનાનો કયો વેરિએન્ટ છે તે અંગે તંત્ર કે સરકાર કોઈ જ કશુ બોલતુ નથી. જોકે માઈલ્ડ લક્ષણો ધરાવતા દર્દીઓ વધુ હોવાનું કહી સૌ ચૂપકીદી ધારણ કરી લે છે.

શહેર-જિલ્લામાં વધેલા સંક્રમણને નાથવા તંત્ર આકરા પગલા લેવાના મૂડમાં છે. જોકે સરકારે આકરા નિયંત્રણો લાદ્યા છે.

શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા આઈઆઈટી પણ કોરોનાના અજગરી ભરડામાં અટવાઈ ગઈ છે. આ વખતે બાળકો, યુવાઓ અને મહિલાઓ વધુ સંક્રમિત થયા છે. જો કે છેલ્લા કેટલાક દિવસથી પરિવારોના પરિવાર સંક્રમિત થઈ રહ્યાની વાતો બહાર આવી રહી છે.

# અજગરી ભરડો : શહેરમાં એક જ દિવસમાં ૩૧૯ કેસ

**૫૪ દર્દીઓ સાજા થતાં ડિસ્ચાર્જ અપાયું : કુડાસણમાં સાડા છ મહિનાનું બાળક સંક્રમિત : છ બાળકો ૧૦ થી નાની વયના સંક્રમિત થયા : સરગાસણમાં ૪૨, કુડાસણમાં ૩૮, વાવોલમાં ૧૯, રાયસણમાં ૧૩, રાંદેસણ-પેથાપુરમાં ૧૦-૧૦ કેસ : સે. ૨ માં ૨૫ કેસ, સે. ૮ માં ૧૧, સે. ૨૨ માં ૧૭ કેસ**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં કોરોનાએ તમામ વિક્રમ આજે તોડ્યા છે. બેફામ અજગરી ભરડામાં લેતા કોરોનાના આજે ૩૧૯ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસો એક હજારનો આંક પાર કરીને ૧૩૦૦ પર પહોંચ્યો છે.

ગાંધીનગર શહેરને અજગરી ભરડો કોરોનાએ લીધો છે. રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ આજે કોરોનાથી સંક્રમિત થયા છે. શહેરના સેક્ટરો અને શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કોરોનાના કેસો સામે આવ્યા છે તેને લઈ તંત્ર સ્તબ્ધ છે.

લોકોએ રાખેલી બેદરકારીની કિંમત અત્યંત મોંઘી સાબિત થઈ રહી છે. શહેરમાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૧૦ ટકાને પાર કરી ગયો છે અને સંક્રમણ સતત વધી રહ્યુ છે.

ગાંધીનગર શહેરમાં બીજી લ્હેર વખતે સૌથી વધુ કેસ ૧૭૮ કેસ નોંધાયા હતા. આજે શહેરમાં ૩૧૯ કેસ નોંધાયા છે. જાન્યુઆરી માસના પ્રથમ ૧૩ દિવસમાં જ કેસોની સંખ્યા એક હજારના આંકને પાર કરી ગઈ છે.

શહેરમાં કોરોનાના અજગરી ભરડામાં ૧૫ થી વધુ યુગલો તેમજ પરિવારોના પરિવાર સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૦૦ મહિલા દર્દીઓ છે. ૩૦ થી વધુ દર્દી ૨૦ થી ઓછી વયના છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સાડા છ માસની કુમળી આયુ ધરાવતુ બાળક કુડાસણમાંથી સંક્રમિત થયેલુ જણાયુ છે. આજ ગામેથી ૬ વર્ષનું અન્ય બાળક પણ સંક્રમિત થયેલુ મળી આવ્યુ છે. સે. ૮માં બે વર્ષનું બાળક, સે. ૨૨માં ૪ વર્ષનું બાળક, સરગાસણમાં ૭ વર્ષનું બાળક અને પેથાપુરમાં ૧૦ વર્ષનું બાળક સંક્રમિત થયેલુ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.

શહેરની જાણીતી સંસ્થા આઈ.આઈ.ટી.માંથી આજે વધુ ૧૦ કેસ મળી આવ્યા છે. આ વખતે આ શૈક્ષણિક સંસ્થા હોટસ્પોટ તરીકે ઉભરી આવી છે.

શહેરમાં મહિલાઓ, વયસ્કો અને યુવાઓમાં સંક્રમણ વધ્યુ છે જે ચિંતાનો વિષય બન્યુ છે. શહેરમાં નોંધાયેલા બધા જ દર્દીઓ માઈલ્ડ લક્ષણો ધરાવતા હોવાનું જાણવા મળેલ છે. જોકે કોરોનાનો આ વેરિએન્ટ કયો છે તે વિશે સરકાર કે તંત્ર કોઈ જ બોલવા તૈયાર નથી પરંતુ પાટનગરમાં ઘેર-ઘેર કોરોનાએ દસ્તક દઈ દીધી હોય તેવુ ચિત્ર જરૂર ઉભુ થયુ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્યવિસ્તાર સરગાસણમાં ૪૨ કેસ, કુડાસણમાં ૩૮, વાવોલમાં ૧૯, રાંદેસણમાં ૧૦, રાયસણમાં ૧૩, પેથાપુરમાં ૧૦, કોલવડામાં ૪, ખોરજમાં ૪, કોબામાં ૨, પાલજમાં ૩, રાંધેજામાં ૨ કેસ મળ્યા છે.

શહેરના સે. ૨ માં ૨૫ કેસ, સે. ૮ માં ૧૧, સે. ૨૨માં ૧૭, સે. ૧૨, ૬, ૨૪, ૧૩, ૨૬ માં ૬-૬ કેસ, સે. ૨૯, ૫, ૩ માં ૫-૫ કેસ, સે. ૪ અને સે. ૨૮ માં ૭-૭ કેસ, સે. ૧ માં ૮ કેસ નોંધાયા છે. અન્ય સેક્ટરોમાં પણ કેસો મળી આવ્યા છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રની દોડધામ વધી જવા પામી છે. શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા વધીને ૧૦૦૦ના આંકને પાર કરી ગયા છે. આજે ૫૪ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્રએ કર્યો છે. શહેરમાં ૫૦૦થી વધુ માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન આવેલા છે. શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રએ કોરોના ગાઈડલાઈન્સનું ચુસ્તતાથી પાલન કરવા સૌને જણાવ્યુ છે. શહેરમાં ૧૦ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

## ગ્રામ્ય વિસ્તારમાં ૧૩૪ કેસ

**ગ્રામ્યમાં ૩૨ દર્દીઓને ડિસ્ચાર્જ અપાયું : દહેગામમાં ૫, ગાંધીનગરમાં ૬૫, કલોલમાં ૫૪, માણસામાં ૧૦, ચૈતન્યધામ ધણપમાં ૧૨ કેસ : કલોલ શહેરમાં ૪૦ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના ૧૩૪ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૫૮૪ થવા જાય છે.

ગ્રામ્ય વિસ્તારમાં કોરોના તેના ભરડામાં લઈ રહ્યુ છે. તંત્ર પણ કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ સતત દોડધામમાં વ્યસ્ત બની ગયુ છે.

ગાંધીનગરમાં ૬૫, કલોલમાં ૫૪, માણસામાં ૧૦ અને દહેગામમાં ૫ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં કોરોનાનું સંક્રમણ જે રીતે વધી રહ્યુ છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર તાલુકાના ધણપમાં આજે ૧૨ કેસ નોંધાયા છે. ધણપના ચૈતન્યધામમાં જ આ કેસ નોંધાયા છે. જ્યાં ભાજપનો પ્રશિક્ષણનો વર્ગ યોજાયો હતો. જોકે આ સંકુલમાં વધુ ૧૦ કેસ નોંધાયા હતા પરંતુ તે લોકો જતા રહ્યા હોવાની વાતો લોકજીભે ચર્ચાઈ રહી છે.

બીએસએફ કેમ્પ આલમપુરમાં ૯ કેસ કોરોનાના આજે નોંધાયા છે. સીઆરપીએફમાં ૨ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના સાદરામાં ૩ કેસ, છાલામાં ૪ કેસ, મહાદેવપુરામાં ૪, માતાપુરામાં ૨, ગિયોડમાં ૨, મોટા-ચિલોડા-શિહોલી મોટી, લવારપુર, રૂપાલ, ઉનાવામાંથી પણ કેસ મળી આવ્યા છે.

૧૨ કેસ અડાલજમાંથી, ૨ કેસ શેરથામાંથી, વડોદરામાં ૪ કેસ મળી આવ્યા છે.

કલોલ શહેરમાંથી ૪૦ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત બોરીસણા, બિલેશ્વરપુરા, પાનસર, રાંચરડામાંથી પણ કેસ મળ્યા છે. છત્રાલમાંથી ૨ કેસ મળી આવ્યા છે.

માણસાના ઈટાદરામાંથી ૨, ફતેપુરામાંથી ૨, પુંધરા, અંબોડ અને વ્યાસ પાલડીમાંથી પણ ૧-૧ કેસ મળી આવેલ છે. માણસા અર્બનમાંથી ૩ કેસ મળી આવેલ છે.

દહેગામમાં આજે દહેગામ સીટીમાં ૪ અને લિહોડામાંથી એક કેસ મળી આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા દર્દીઓમાંથી એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૨ દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં એક્ટીવ કેસની સંખ્યા ૪૫૦ જેટલી છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૫૦થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે.

ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ વધતાં તંત્રએ કોરોના ગાઈડલાઈન્સની સૂચનાઓના અસરકારક અમલીકરણ માટેની સૂચનાઓ આપી છે. ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો પણ તંત્રના સૂત્રોએ કર્યો છે તેમજ હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાનું જણાવ્યુ છે.

## શનિવારની રજા જાહેર કરતી સરકાર

ગાંધીનગર, તા. ૧૩

રાજ્ય સરકારે ૧૫મી જાન્યુઆરીના રોજ રજા આપવાની જાહેરાત કરી છે. આજે સાંજે આ અંગે પરિપત્ર કરી જાહેરાત કરાઈ છે. આરોગ્ય, નાગરિક પુરવઠા, મનપા, પંચાયત, નગર પંચાયત, ગેસ વિતરણ, વીજ વિતરણ તેમજ કલેક્ટર કચેરી સહિત આવશ્યક સેવાઓ સિવાયની કચેરીઓમાં રજા રહેશે. પોલીસ હોમગાર્ડ્સ, નાગરિક સંસ્થા વગેરે જેવી કચેરીઓને રજા સંબંધેની સૂચનાઓ લાગુ પડશે નહિ તેમ પણ પરિપત્રમાં જણાવાયુ છે.

# તોબા આ ઠંડી.. કોલ્ડવેવનો કહેર યથાવત બર્ફિલા પવનથી જનજીવન ઠુંઠવાયુ

**સેક્ટરોમાં સાંજ ઢળતા ઠેર ઠેર તાપણા : શીતલહેરના લીધે ઠંડી વધુ કાતિલ બની : સતત પાંચમાં દિવસે પણ ઠંડીનો પારો સિંગલ ડીઝીટમાં : લઘુત્તમ તાપમાન ૮.૭ ડીગ્રી**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં છેલ્લા પાંચ દિવસથી ઠંડીનો પારો ૧૦ ડીગ્રીની



નીચે અલબત્ત સિંગ્લ ડીઝીટમાં છે. લઘુત્તમ તાપમાન ૭ થી ૮ ડીગ્રીની વચ્ચે જોવા મળે છે. આજે ઠંડીનો પારો ૮.૭ ડીગ્રી રહ્યો હતો પરંતુ સુસવાટા મારતા ઠંડા પવનના લીધે ઠંડી વધુ કાતિલ બની હતી. સવારથી જ બર્ફિલા પવનના જોર વચ્ચે નગરજનો આકરી ઠંડીમાં ઠુંઠવાયા હતા. એકબાજુ કોરોનાના કેસ તેજ રફતારથી વધી રહ્યા છે. ત્યારે ઠંડીના જોર વચ્ચે કાતિલ કોલ્ડવેવની અસરથી શહેરીજનો સુન્ન પડી ગયા છે. ઉતરાયણ પર્વની પુર્વ રાત્રિએ પણ શેહરીજનો બર્ફિલી ઠંડીથી પ્રભાવિત થયા હતા.

ગાંધીનગરમાં છેલ્લા ચાર દિવસથી ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં છે. જેના લીધે નગરજનો આકરી ઠંડી અનુભવી રહ્યા છે. કાતિલ ઠંડી વચ્ચે સુસવાટા મારતા બર્ફિલા પવનથી ઠંડીનુ જોર બેવડાયુ છે. આકરી ઠંડીએ સૌ કોઈને ઘરમાં રહેવા માટે મજબુર કરી દીધા છે. એકબાજુ કોરોનાનુ સંક્રમણ વધી રહ્યુ છે. રોજબરોજ કોરોનાના કેસ વધતા નગરજનોમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. જયારે બીજીતરફ ઠંડીએ પણ કહેર મચાવતા શહેરીજનો ગરમ કપડામાં લપેટાઈ ઘરમાં જ રહેવાનુ પસંદ કરી રહ્યા છે. છેલ્લા પાંચ દિવસથી ઠંડીનુ જોર યથાવત છે. જેના લીધે સેકટરોમાં સાંજ ઢળતા જ સન્નાટો છવાઈ જાય છે. આ ઉપરાંત ઠંડીના કહેરથી બચવા સેકટરોની સોસાયટીમાં ઠેર ઠેર તાપણાં થતા નજરે પડે છે. ગઈકાલે પણ લઘુત્તમ તાપમાન ૮.૨ ડીગ્રી રહ્યુ હતુ જયારે આજે પણ તાપમાનમાં નજીવો ઘટાડો જોવા મળ્યો છે. ઠંડીનો પારો ૮.૭ ડીગ્રીએ રહ્યો હતો. આકરી ઠંડીની સાથે સવારથી જ સુસવાટા મારતા પવનના લીધે શીતલહેરમાં સમગ્ર શહેર ઠુંઠવાયુ હતુ. કાતિલ બનતા કોલ્ડવેવના લીધે વડીલો અને બાળકોની હાલત વધુ દયાજનક બની છે. કોરોનાના કહેર વચ્ચે દમ અને શ્વાસના દર્દીઓ પણ ઠંડીની અસરથી બેચેની અનુભવી રહ્યા છે. ઠંડીએ છેલ્લા એક સપ્તાહથી નગરને બાનમાં લીધુ છે. ત્યારે વહેલી સવારે અને રાત્રિના સમયે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતી ઠંડીના લીધે નગરમાં કરફયુના અમલ પુર્વે જ કરફયુ જેવી સ્થિતિ વર્તાય છે. ઉતરાયણ પર્વ દરમિયાન પણ રાત્રિના પતંગ બજારમાં ઠંડીની અસરથી વિશેષ ચહલ પહલ જોવા મળતી નથી. ઉતરાયણની પુર્વ સંધ્યાએ પતંગબજારમાં ઘરાકી જોવા મળી હતી. પરંતુ ઠંડીનુ મોજુ ફરી વળતા નગરજનો ઘરમાં પુરાઈ ગયા હતા. આકરી ઠંડીથી સૌ કોઈ તોબા પોકારી ગયા છે. જેના લીધે જન આરોગ્ય વિશેષ પ્રભાવિત છે. કોરોનાના વધતા કહેર વચ્ચે વાયરલ ફીવરના દર્દીઓ પણ વધી રહ્યા છે.

## આગામી સપ્તાહમાં ફરી વાતાવરણ પલ્ટો જોવા મળશે વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદના છાંટણા પડશે

**ભર શિયાળે વારંવાર સર્જાતા વાતાવરણ પલ્ટાથી નગરજનો ત્રાહીમામ : તા ૨૦ થી ૨૨ જાન્યુઆરી દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા વરસશે : અંબાલાલ પટેલ**

ગાંધીનગર તા ૧૩

રાજયમાં કાતિલ કોલ્ડવેવ યથાવત છે. જનજીવન આકરી ઠંડીથી પ્રભાવિત છે. જયારે હજુ આગામી તા ૧૭ જાન્યુઆરી સુધી ઠંડીનો કહેર યથાવત રહેશે. જયારે તા ૨૦ થી ૨૨ જાન્યુઆરી દરમિયાન વાતાવરણમાં ફરી એકવાર નાટયાત્મક પલ્ટો જોવા મળશે. જેના લીધે રાજયના વિવિધ ભાગોમાં કમોસમી વરસાદ થશે ગાંધીનગર અમદાવાદમાં પણ વાતાવરણ પલ્ટાની અસર જોવા મળશે. જેના લીધે શહેરમાં વરસાદી છાંટણા વરસશે. હજુ થોડા દિવસો અગાઉ જ શહેરમાં વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી નઝારો જોવા મળ્યો હતો. ભર શિયાળે વારંવાર થતા વાતાવરણ પલ્ટાના લીધે પણ શહેરીજનો ત્રાહીમામ છે. જેના લીધે મોસમની વિચિત્ર અસરથી જન આરોગ્ય પણ પ્રભાવિત છે. બદલાતા મોસમના મિજાજ વચ્ચે ખેડુતોએ પણ પાક સંરક્ષણ માટે યોગ્ય પગલા લેવા સુચવાયુ છે.

સમગ્ર રાજયમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. જયારે ગાંધીનગર અમદાવાદમાં પણ ઠંડીએ કહેર મચાવ્યો છે. છેલ્લા પાંચ દિવસથી ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં છે. આકરી ઠંડી સાથે આ વર્ષે સુસવાટા મારતા બર્ફિલા પવનના લીધે શિયાળો વધુ આકરો બન્યો છે. બીજીતરફ વારંવાર વાતાવરણ પલ્ટાના લીધે પણ નગરજનો વિચિત્ર મોસમનો અહેસાસ કરી રહ્યા છે. થોડા દિવસો અગાઉ જ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા વરસ્યા હતા. ભર શિયાળે વારંવાર વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ વરસતા નગરજનો પણ મોસમના વિચિત્ર મિજાજથી તોબો પાકોરી ગયા છે. ત્યારે હજુ પણ આગામી દિવસોમાં વાતાવરણ પલ્ટો જોવા મળશે તેવી સંભાવના છે. જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ હજુ આગામી ત્રણ ચાર દિવસ ઠંડી પડી શકે જયારે આગામી તા ૧૭ થી ઠંડીમાં ઘટાડો આવશે અને તા ૨૦થી ૨૨ દરમિયાન રાજયના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ થવાની સંભાવના છે. ગાંધીનગર અમદાવાદમાં વાદળછાયુ વાતાવરણ રહે ત્યારબાદ વરસાદના છાંટણા થાય તેવી પણ શક્યતા છે. આ માવઠુ હળવા પ્રકારનુ રહેવાની સંભાવના છે. પોષ વદમાં પણ હવામાનમાં પલ્ટા આવે અને ત્યારબાદ માવઠું થઈ શકે આ વખતે પશ્ચિમી વિક્ષેપ એક બાદ એક આવ્યા જ કરશે ફેબ્રુ-માર્ચમાં પણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવવાની શક્યતા છે.

## ઉતરાયણ પર્વમાં બે દિવસ પતંગ રસિયાઓ માટે પવન ફેવરેબલ રહેશે

**જો કે પવન સાનુકુળ છે... વાતાવરણ નહીં... સંક્રમણના કહેર વચ્ચે સંક્રાતની ઉજવણીમાં કોવિડ સાથે પેચા ન થાય તેનો પણ ખ્યાલ રાખવો પડશે**

ગાંધીનગર તા ૧૩

કોવિડ સંક્રમણના કહેર વચ્ચે સંક્રાતની ઉજવણીની તૈયારીઓ કરી દેવામાં આવી છે. ત્યારે પતંગ રસિયાઓ માટે સારી વાત એ છે કે ઉતરાયણ અને વાસી ઉતરાયણના દિવસે પવન ફેવરેબલ રહેશે. પતંગ રસિકોને મોજ પડશે પરંતુ એ વાતનો પણ વિશેષ ખ્યાલ રાખવાની અનિવાર્યતા છે પવન સાનુકુળ છે .. વાતાવરણ નહી.. પતંગોત્સવ દરમિયાન કોવિડ સાથે પેચા ન થઈ જાય તેનો પણ વિશેષ ખ્યાલ રાખવા ધાબે ભીડ ભેગી ન થાય તેમજ જરૂરી નિયમોનુ પણ પાલન થાય તે પતંગ રસિયાઓ માટે સલાહભર્યુ છે. વાસી ઉતરાયણના દિવસે પણ પવનનુ જોર વધુ રહેવાથી આકાશને રંગીન બનાવતા ઉતરાયણ પર્વની ઉજવણી વધુ ભવ્ય બનશે.

ઉતરાયણના પર્વ નિમિત્તે આ વખતે ઉતરાયણના દિવસે પવન સાનુકુળ રહેશે. ઉતરાયણના દિવસે સવારમાં ૧૦ થી ૧૧ કી મીની ઝડપે પવન રહેવાની સંભાવના છે. જયારે બપોર બાદ પવનની ગતિ મંદ પડશે. જયારે રાત્રિના કંઈક અંશે સાત કીમી જેવો અંદાજે પવન રહેશે. પવન ઈસાન દીશા તરફનો રહેશે. જયારે વાસી ઉતરાયણના દિવસે પણ ૧૨ કી મી ઝડપે પવન ફુંકાશે રાત્રિના સમયે પણ પવનનુ જોર વધુ રહેશે. અલબત્ત પતંગ રસિયાઓને મોજ પડી જશે પરંતુ બીજીતરફ આકરી ઠંડીના દિવસોમાં સુસવાટા મારતા પવન વચ્ચે પતંગોત્સવ કોલ્ડવેવથી પ્રભાવિત પણ થશે. ઉતરાયણ પર્વ દરમિયાન પતંગ રસિયાઓ માટે પવનની દીશા તેમજ ગતિ કેમની રહેશે તે વિશેષ મહત્વનુ હોય છે. એકબાજુ કોરોનાનુ સંક્રમણ વધી ગયુ છે. ત્યારે વધતા સંક્રમણ વચ્ચે સંક્રાત પર્વની ઉજવણીમાં પણ વિશેષ તકેદારી રાખવાની અનિવાર્યતા છે. શહેરના પતંગ બજારમાં પણ આજે પતંગ દોરીની ખરીદી માટે વિશેષ ભીડ જોવા મળી હતી. પતંગ રસિયાઓ ઉતરાયણ પર્વને માંણવા માટે ઉત્સુક બન્યા છે. સવારથી જ ધાબા પર ચઢીને પવનનો મિજાજ પારખી પતંગોત્સવની મજા લુંટવા માટે વધુ આતુર બનતા હોય છે આકાશને રંગીન બનાવતા આ પર્વની ધમાકેદાર ઉજવણી કરવા માટે લાંબા સમયથી તૈયારીઓ પણ કરવામાં આવતી હોય છે. પતંગરસિયાઓ દોરી પતંગ ખરીદીને પેચા કાપવા સજ્જ બન્યા છે. ત્યારે ઉતરાયણના દિવસે પવનની યારી કેવી રહેશે તે અંગે પણ વિશેષ જાણકારી માટે પતંગરસિયાઓ ઉત્સુક છે જાણીતા જયોતિષ અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ ઉતરાયણના દિવસે સવારથી જ સુસવાટા મારતો પવન રહેશે જયારે બપોર બાદ પવનની ગતિ મંદ પડી જશે આ ઉપરાંત વાસી ઉતરાયણના દિવસે પણ તેજ ગતિએ પવન ફુંકાશે વાસી ઉતરાયણના દિવસે ઉતરાયણ કરતા પણ વધુ પવન ફુંકાશે જયારે આ દિવસે દિવસની સાથે રાત્રિના સમયે પણ પવનની ગતિ તેજ રહેશે. જેના લીધે પતંગ રસિયાઓને બે દિવસ પતંગ ચગાવાની મજા આવશે. જો કે પતંગની મજા સાથે શિયાળાની આકરી ઠંડીના દિવસોમાં પવનનુ જોર વધતા કોલ્ડવેવ પણ વધુ આકરા બનશે. બીજીતરફ કોવિડની ગાઈડલાઈનનુ પાલન કરવા માટે તબીબોએ પતંગરસિયાઓને અપીલ કરી છે. પતંગ રસિયાઓએ એ વાતનુ પણ ધ્યાન રાખવાની અનિવાર્યતા છે કે પવન સાનુકુળ છે પરંતુ વાતાવરણ નહીં.... કોવિડ સાથે પણ પેચા ન થઈ જાય તે વાતનો પણ ખ્યાલ રાખવો અનિવાર્ય છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com